શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રાથમિક શાળામાં શૈક્ષણિક
કાર્ય માટેનો સમય નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૧૧
18 FEB 2011

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯"

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/6 NO: પીઆરઇ/૧૨૦૧૦/ ૫/કે તા.૧/૪/૨૦૧૦

**પ્રસ્તાવનાઃ-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પુરૂ પાડવા માટે આમુખ(૧) માં દર્શાવેલ કાયદો પસાર કરેલ છે. જે તા.૧/૪/૨૦૧૦ સમગ્ર દેશમાં કરવામાં આવી રહેલ છે. ભારત સરકાર દ્વારા બાળકોને ગુણવત્તા સભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે શૈક્ષણિક કાર્ય અને શિક્ષકોના કામના કલાકો માટે જોગવાઇ કરેલ છે. જેના અમલ કરવાની બાબત ગુજરાત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠ રા વઃ-

(૧) શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રાથમિક વિભાગ માટે એટલે કે ધોરણ-૧ થી ૫ માટે કામકાજના ૨૦૦(બસો) દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગ માટે એટલે કે ધોરણ-૬ થી ૮ ના વર્ગો માટે કામકાજના ૨૨૦ (બસો વીસ) દિવસો નક્કી કરવામાં આવેલ છે અને વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૧૦૦૦ કલાકનું શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

(૩) પ્રાથમિક શાળામાં તૈયારી માટે તથા અન્ય આનુષાંગિક કામગીરી સહિતના શિક્ષક દીઠ અઠવાડિયાના ૪૫(પિસ્તાળીસ) કલાકની કામગીરી કરવાની રહેશે. એટલે કે દિવસની શાળાઓમાં સોમ થી શુક્ર દરમ્યાન દરરોજ આઠ કલાકની કામગીરી કરવાની રહેશે. શનિવારે પાંચ કલાકની કામગીરી કરવાની રહેશે.



prashantgavaniya.blogspot.in

(૪) પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ધોરણ-૫ ના શિક્ષકોએ પ્રાથમિક વિભાગમાં દરરોજ ઓછામાં ઓછા ૪(ચાર) કલાક અને ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ધોરણ-૬ થી ધોરણ-૮ ના શિક્ષકોએ પાંચ કલાકનું વર્ગકાર્ય કરવાનું રહેશે.

(૫) અનુક્રમ(૪) માં દર્શાવ્યા મુજબના વર્ગકાર્ય કર્યા પછી બાકીનો સમય વર્ગ શિક્ષણની તૈયારી, બાળકોની સ્વાધ્યાયપોથી, પ્રયોગપોથી વગેરેની ચકાસણી આગામી દિવસ કે આગળના પ્રકરણોના શિક્ષણ માટેની તૈયારી માટે ઉપયોગ કરવાનો રહેશે. આ સમય દરમ્યાનમાં શિક્ષકે શાળામાં હાજર રહેવાનું રહેશે એટલે કે શાળા છોડીને જઇ શકશે નહિ.

આ ઠરાવ તમામ પ્રાથમિક શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી કે. આઇ.સી.એસ.આઇ. અથવા અન્ય કોઇ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઇપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓ ને લાગુ પડશે. અને તેનો અમલ તમામ શિક્ષકો/આચાર્યો અને સંચાલકે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ શરૂ થતા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ થી એટલે કે જુન-૨૦૧૧ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.[illegible].ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.

prashantgavaniya.blogspot.in